# 'પર્યાવરણ જતન માટે હું શું કરીશ ?' સાચવી રાખવા જેવી પુસ્તિકા

(ફૂલછાબ ન્યૂઝ)

રાજકોટ, તા.૨૭ : રાજકોટના વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ દ્વારા નિષ્ણાતોના માર્ગદર્શન, તજજ્ઞોના અભ્યાસ બાદ પુસ્તિકા બહાર પાડવામાં આવી છે, 'પર્યાવરણ જતન માટે હું શું કરીશ ?' આ પુસ્તિકા દરેકને ઉપયોગી થાય એવી છે અને સાચવી રાખવા જેવી છે.

મોરારિબાપુએ ગીતાજયંતીના દિવસે આ પુસ્તિકાનું લોકાર્પણ કર્યું હતું. આ પુસ્તિકામાં મોરારિબાપુ અને બાપ્સના અપૂર્વમુનિ સ્વામીના શુભેચ્છા સંદેશ છે. કોઈપણ ઉંમરના લોકોને આ પુસ્તિકા ઉપયોગી થઈ શકે એમ છે.




વિદ્યાર્થીઓ, શિક્ષકો, ગૃહિણીઓ, નોકરિયાતો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ડૉક્ટરો વગેરેએ આ પુસ્તિકા અચૂક વસાવવા જેવી છે. આપણે આપણા રોજિંદા જીવનમાં થોડી બાબતોનું ધ્યાન રાખીએ તો પણ પર્યાવરણ બચાવી શકીએ છીએ. પર્યાવરણ એટલે માત્ર ઝાડપાન નહીં પણ ઈંધણ, વીજળી, કાગળ, પાણી, પ્લાસ્ટિકની બચત આ બધો પર્યાવરણનો જ એકભાગ છે. આ પુસ્તિકા કિશોર કોટેચા, વિનોદ પંડ્યા અને નવરંગ નેચર ક્લબના પ્રમુખ વી.ડી. બાલાએ લખી છે. વિનામુલ્યે મેળવવા માટે વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટની ઓફિસ ૧૨૮, સ્ટાર પ્લાઝા, ફૂલછાબ ચોક, રાજકોટનો સંપર્ક કરવો. આ પુસ્તિકા www.asiaticlion.org/download.htm ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાય છે.

લમાં સંસ્કાર દેસાઈ વરીપ્રમુખ